# ABSTRACT

| | |
|---|---|
| **વિદ્યાર્થીનું નામ -** | **ગવળી જીતેન્દ્રભાઈ ગુલાબભાઈ** |
| **કોર્સનું નામ -** | **એમ.ફિલ ગુજરાતી** |
| **વર્ષ -** | **૨૦૨૦-૨૧** |
| **શીર્ષક -** | **દક્ષિણ ગુજરાતનાં આદિવાસીઓના હાલરડાં: એક અભ્યાસ (કુંકણા, વસાવા, ચૌધરી, ગામીત જાતિના સદર્ભે)** |
| **માર્ગદર્શકનું નામ -** | **ડૉ. પ્રશાંત પટેલ** |

હાલરડું એટલે માતૃવાત્સલ્યનો મધુર ટહુકો. માતાની સંતાનપ્રીતિ નો ઉમળકા ભર્યો પડઘો. હાલરડાંમાં ગીત છે, સંગીત છે એ માતાની પોતાના બાળક પ્રત્યેના સ્નેહની ઊર્મિલ અભિવ્યક્તિ છે. હાલરડાં આપણા લોકગીત છે અને આપણી ઉજળી પરંપરા છે. દક્ષિણ ગુજરાતની કુંકણા, વસાવા, ચૌધરી અને ગામીત જનજાતિનાં હાલરડાંનો અભ્યાસ કરેલ છે, જેમાં કુંકણા જનજાતિનાં હાલરડાં માટે ડાંગ, વલસાડ, અને નવસારી જિલ્લાના અંતરિયાળ વિસ્તારોમાં જઈને મુલાકાત લીધી. તે દરમિયાન ત્યાંના સ્થાનિક લોકો સાથે મારી ચર્ચા-વિચારણા થઈ. અહીંની બોલીમાં હાલરડાંને ‘બારીકલા પોસા નીજવુંના ગાના’ કહે છે. નાના બાળકને લડકા નામથી તેઓ ‘ભાવુ’ ‘તાનેબાળ’ ‘પોસા’ ‘બાબા’ કહે છે અને ઝોળીને એ લોકો ‘હીંદી’ ‘હાવલી’ ‘હાલી’ કહે છે તે જાણવા મળ્યું. મુલાકાત દરમિયાન અલગ-અલગ વિસ્તારમાંથી મને કુલ ૨૪ જેટલાં હાલરડાં પ્રાપ્ત થયાં છે. મને નર્મદા, તાપી અને સુરત જિલ્લાઓમાંથી સંશોધન દરમિયાન ૧૯ જેટલા વસાવા જનજાતિનાં હાલરડાંઓ મળ્યાં છે. ત્યાંના સ્થાનિક લોકો હાલરડાંને ‘હાના પોયરાન હુવાવા ગીતે’ કહે છે. ચૌધરી જનજાતિનાં હાલરડાં માટે મેં તાપી, સુરત, ભરૂચ અને નવસારી જિલ્લાના ગામડાઓની મુલાકાત લીધી. સંશોધન દરમિયાન મને ૧૫ જેટલાં હાલરડાંઓ પ્રાપ્ત થયાં છે. ગામીત જનજાતિનાં હાલરડાં માટે મેં સુરત, તાપી અને ડાંગ જિલ્લાની મુલાકાત લીધી. ત્યાંના ગામીત જનજાતિનાં સ્થાનિક લોકો પાસેથી હાલરડાંની માહિતી મેળવી અને સ્થાનિકો પાસેથી મુલાકાત દરમિયાન ૧૪ જેટલાં હાલરડાંઓ મળી આવ્યાં. આ જનજાતિનાં હાલરડાંમાંથી પ્રકૃતિ નિરૂપણ, તેમના કંઠોપકંઠનાં હાલરડાં જુદા-જુદા વિસ્તારોમાંથી મને મળ્યાં. અહી હાલરડાંને ‘વાહાના નીચકાહાલ હુવાડે ગીતે’ કહે છે.